ૐ

## શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ

## શ્રી પદ્મનંદી પચ્ચીસી

# ઋષભ જિનેન્દ્ર સ્તોત્ર

(શ્રાવણ વદ ૧૨, બુધવાર, બપોર)

આ પદ્મનંદીપચ્ચીસીનો ૧૩મો અધિકાર છે, તેમાં ૬૦ ગાથા દ્વારા ઋષભદેવ જિનેન્દ્રની સ્તુતિ છે. આ સ્તવન દ્વારા આચાર્યદેવ એમ બતાવે છે કે ભગવાનમાં જેવા ગુણો છે તેવા ગુણો જ આદરણીય છે અને તે સિવાય બીજું ઉપેક્ષા કરવાયોગ્ય છે. જેમને પૂર્ણ કેવળજ્ઞાનદશા પ્રગટી છે તેનું સ્તવન કરે છે એટલે તે સિવાય રાગાદિભાવો ગુણગ્રામ કરવા જેવા નથી. એ રીતે ભગવાનના સ્તવનમાં ધર્મનું સ્તવન આવી જાય છે.

## શ્લોક-૧

"હે નાભિનંદન"! એમ કહ્યું તે નિમિત્તથી કથન છે, પરમાર્થે આત્મા કોઈનો પુત્ર નથી. હે ભગવાન! આપ નાભિરાજાના પુત્ર છો તે કારણે કાંઈ અમે આપનું સ્તવન કરતા નથી. પણ હે વીતરાગ! આપનામાં જે કેવળજ્ઞાનાદિ ગુણો પ્રગટ્યા છે તેને ઓળખીને અમે સ્તુતિ કરીએ છીએ કે હે નાભિનંદન! આપનો જય હો. એટલે અમારામાંથી પણ રાગાદિભાવો ટળીને અમારામાં વીતરાગતા પ્રગટ થાઓ!

'નાભિનંદન' એવું નામ તો જગતમાં ઘણાનું હોય, પણ તે બધા કાંઈ પૂજ્ય નથી. પણ હે ભગવાન! આપ કેવળજ્ઞાનાદિ ગુણોથી પરિપૂર્ણ છો તેથી આપ જ પૂજ્ય છો. હે નાથ! આપ ત્રણ લોકના દીપક છો. આપના કેવળજ્ઞાનથી ત્રણ લોક પ્રકાશમાન થાય છે.—આમ સ્વ તરફ વળતાં ભક્તો પોતાના કેવળજ્ઞાનની ભાવનાથી ભગવાનની ભક્તિ કરે છે. ભગવાનની આવી ભક્તિ કરે તે રાગાદિને આદરણીય ન માને. આમ સ્વભાવને ઓળખીને જે ગુણગ્રામ કરે તે જ સાચો ભક્ત છે.

હે નાથ! જગતની કોઈ ચીજના આપ રક્ષક કે ભક્ષક નથી, પણ લોકના પ્રકાશક છો. મારો આત્મા પણ સ્વભાવથી તેવો જ છે, એમ સ્વીકારીને હું આપની ભક્તિ કરું છું.

હે તીર્થંકર! આપે જ જગતને તરવાનો ઉપાય બતાવ્યો છે, તેથી આપનો જય હો. ચતુર્વિધ સંઘરૂપ જે ધર્મતીર્થ તેને સંસારથી તરવાનો ઉપાય આપે બતાવ્યો છે. જેનાથી જીવ સંસારમાં ડૂબે એવો આપનો ઉપદેશ જ નથી. જે ભાવથી જીવ સંસારમાં ડૂબે તેવા ભાવનો ઉપદેશ કરનારા કુદેવાદિને ભગવાનનો ભક્ત માને નહિ. ભગવાનનો ભક્ત તેને કહેવાય કે, ભગવાનમાં જે ગુણો હોય તેને જ અનુમોદન આપે, તે સિવાય બીજા ભાવને અનુમોદન ન આપે.

ઋષભદેવ ભગવાન તો મોક્ષમાં પધાર્યા છે, છતાં આચાર્યદેવ કહે છે કે હે ધર્મતીર્થની પ્રવૃત્તિ કરનારા ભગવાન! આપ જયવંત રહો! ત્યાં પોતાનો વર્તમાન ભાવ એવો છે કે સાધકપણામાં જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી અમને આવા તીર્થંકરનું જ નિમિત્ત હો, બીજું નિમિત્ત વચ્ચે ન હો. તેમાં ખરેખર નિમિત્તની ભાવના નથી પણ પોતાના વીતરાગભાવની જ ભાવના છે.

આચાર્યદેવ પોતાના ભાવને ઉછાળીને કહે છે કે હે નાથ! આપ તો બધા જીવો ઉપર અકષાયી વાત્સલ્ય કરનારા છો. જેણે પોતાના આત્મામાં આપને સ્વીકાર્યા તે જીવ અલ્પકાળે મુક્તિ પામશે—એમ આપના જ્ઞાનમાં જણાય છે, માટે આપે કરુણા કરી એમ અમે કહીએ છીએ. ‘‘આ જીવ અલ્પકાળે મુક્તિ પામશે’’ એવું જે આપના જ્ઞાનમાં ભાસ્યું તે જ આપની અકષાયી કરુણા છે. જે આપને સ્વીકારે તે બધાય ઉપર આપને વાત્સલ્ય જ છે. ત્રણ લોકના જીવો પ્રત્યે આપને તો વાત્સલ્ય છે. હે નાથ! તે બધા જીવો તારા સમવસરણમાં આવે તો તારા સમવસરણમાં તે સમાઈ જાય, અમે તો અમારા ભાવથી કહીએ છીએ કે જેમ અમારા ઉપર વાત્સલ્ય છે તેમ ત્રણ લોક ઉપર આપને વાત્સલ્ય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે કે ‘‘ કરુણા હમ પાવત હૈ તુમકી’’ ત્યાં પણ અકષાયી કરુણાની વાત છે. અમે અમારા ભાવથી પ્રસન્ન છીએ ત્યાં બહુમાનને લીધે ભગવાન ઉપર આરોપ કરીને કહીએ છીએ કે હે નાથ! આપની અમારા ઉપર પ્રસન્નતા છે.’’

વળી હે નાથ! આપ અનંત નિર્મળ ગુણોની ખાણ છો. આવા ગુણોવાળા હે ભગવાન! આપ જયવંત વર્તો! પુણ્ય કે પૈસા જયવંત વર્તો એવી ભાવના ભગવાનના ભક્તને હોય નહિ, પણ વીતરાગતા જયવંત વર્તો—એવી જ ભાવના હોય.

આ રીતે પહેલા શ્લોકમાં 'ભગવાન જયવંત હો' એમ કહીને માગળિક કહ્યું. હે નાથ! તારો જય હો! જય હો! એમ જયજયકાર કરીને મંગળિકના ફૂલડાં વેર્યા.

## શ્લોક-૨

હે નાથ! તારું સિંહાસન જોતાં તારી સર્વજ્ઞતા જ યાદ આવે છે. સુર-અસુર આપને નમસ્કાર કરે છે, તેમનાં મુગટોનાં રત્નોની ઝાંઈથી આપનું સિંહાસન રંગબેરંગી દેખાય છે. હે નાથ! આપ તો ધન્ય છો, પણ આપને જે નમસ્કાર કરે છે તે પણ ધન્ય છે આપના સિવાય જે અન્ય કુદેવાદિને નમે છે તેને અમે ધન્ય કહેતા નથી.

જુઓ, અહીં સિંહાસનનું વર્ણન કર્યું છે, તે કાંઈ સિંહાસનની સ્તુતિ કરવા માટે નથી. પણ પૂર્વે સાધકદશામાં રાગ કાંઈક રહી ગયો ને પુણ્ય બંધાઈ ગયાં તેના ફળમાં પૂર્ણદશઆ પામેલા પરમાત્માને પણ આવા સિંહાસનાદિનો યોગ હોય છે, એમ બતાવ્યું છે. સાધકદશામાં વચ્ચે ઉંચા પુણ્ય બંધાઈ જાય છે, પણ હે નાથ! સ્તુતિ કરવા યોગ્ય તો આપની વીતરાગતા અને સર્વજ્ઞતા જ છે, જે તારા જય અને ધ્વનિ દ્વારા એકાગ્રતા કરે છે તે ધન્ય છે. હે નાથ! આપના દર્શન સાધારણ જીવો પામી શકતા નથી. આપના ગુણોની ઓળખાણપૂર્વક આપને નમસ્કાર કરવાનો અવસર મહાદુર્લભ છે.

વળી કહ્યું છે કે બાહ્ય શરીર તે કાંઈ જિનેન્દ્ર નથી. પણ અંદર વીતરાગી આત્મા છે તે જિનેન્દ્ર છે. હે જિનેન્દ્ર! આપના ગુણગ્રામને ઓળખીને જે પુષ્પ વડે પૂજા કરશે તેને એવું ફળ આવશે કે સ્વર્ગની દેવાંગનાઓ તેને જોશે, એટલે કે આપનો ભક્ત આરાધક થઈને સ્વર્ગમાં જશે, ને એકાદ ભવે મુક્તિ પામશે.

ત્રિલોકનાથ જિનેન્દ્રદેવને ઓળખીને જો એકવાર પણ વંદના કરે તો તે જીવ ત્રણ લોકમાં વંદનીય થાય છે એટલે કે અનુક્રમે કેવળજ્ઞાન પામીને તીર્થંકર થાય છે. હે નાથ ! તને ઓળખીને નમસ્કાર કરવાનું પણ આવું ફળ, તો તારી પરમાત્મદશાનું તો શું કહેવું?

વિકારની રુચિ છોડીને અને ચૈતન્યબિંબ આત્માની રુચિ કરીને, જે એકવાર પણ તે પરમાત્માનું ધ્યાન કરે તેની રુચિ કદી બીજે જાય નહિ ને

તે સમસ્ત કર્મોથી રહિત પરમાત્મા થઈ જાય, એટલે મોટા મોટા મુનિઓ પણ તેનું ધ્યાન કરે.

જુઓ! જંગલમાં સંતમુનિએ વીતરાગની સ્તુતિ કરી છે. હે નાથ! અમે તો અલ્પકાળ પછી પૂર્ણ પરમાત્મદશા પામશું, પણ અત્યારે વીતરાગતા પ્રત્યે મારો ભક્તિભાવ ઊછળ્યો છે એટલે આપને વર્તમાનમાં મારા ભાવમાં ઊતારીને આપની સ્તુતિ કરું છું.

## શ્લોક-૩

આ "આદિનાથ" ભગવાનની સ્તુતિ છે, સ્તુતિ કરનારને પોતાને સાધકપણાની "આદિ" થઈ છે. હે નાથ! જ્યાં તારા જેવા સ્વભાવનું ભાન થયું ત્યાં શુભરાગ થતાં તારા ઉપર લક્ષ જાય છે, તે વખતે ચર્મચક્ષુથી આપને જોતાં પણ અમને એવો હર્ષ થાય છે કે તે હર્ષ ત્રણ લોકમાં સમાતો નથી. એકલા પુણ્યની રુચિવાળાની આ વાત નથી. વચ્ચે રાગ થયો તેનું માહાત્મ્ય નથી, પણ પરમાત્મદશાનું માહાત્મ્ય છે. હે નાથ! રાગ વખતે ચર્મચક્ષુથી આપના દર્શન કરતાં પણ અમને એવો હર્ષ થાય છે કે તેની પાસે જગત આખું તરણાં તુલ્ય લાગે છે, તો પછી રાગ તૂટીને જ્યારે તારા સાક્ષાત્ દર્શન કરીએ—અનુભવમાં લીન થઈએ—તે વખતના પરમ આનંદનું તો શું કહેવું? રાગ તૂટીને અતીન્દ્રિય જ્ઞાનચક્ષુથી પરમાત્માને જોતાં જે આનંદનો અનુભવ થાય તે વચનાતીત છે. એમ કહીને સ્વભાવનો મહિમા કર્યો છે.

ચર્મચક્ષુનો વિષય તો અલ્પ છે ને અતીન્દ્રિય જ્ઞાનચક્ષુથી આત્માને દેખતાં તેમાં તો લોકાલોક જણાઈ જાય છે. જેનું ચિત્રામણ કરવું હોય તેની સામે જોયા વિના તેનું ચિત્રામણ કઈ રીતે કરે? તેમ જેણે પોતાના આત્મામાં પરમાત્માનું ચિત્રામણ કરવું હોય, પરમાત્માની ભક્તિ કરવી હોય, તેણે ભગવાનને ઓળખવા તો જોઈએ. ઓળખ્યા વગર સ્તુતિ કોની? રાગ સામે જોઈને વીતરાગ સર્વજ્ઞની સ્તુતિ કેમ થાય? માટે અહીં તો ભાન સહિતની સ્તુતિની વાત છે, જેને રાગનું અનુમોદન ટળી ગયું છે તે જ વીતરાગની આવી સ્તુતિ કરે છે. રાગના અનુમોદનવાળાને વીતરાગની સાચી સ્તુતિ હોતી નથી.

## શ્લોક-૪

હે નાથ! આપ સર્વજ્ઞ અને અમે અલ્પજ્ઞ; એટલે અમે આપની સ્તુતિ કરીએ તે તો "કૂવાનો દેડકો કૂદીને દરિયાનું વર્ણન કરે" તેના જેવું છે. હે નાથ! તારા કેવળજ્ઞાન સિવાય મારામાં જેટલી અલ્પજ્ઞતા છે તે મારું સ્વરૂપ નથી. હે નાથ! હું મારા કેવળજ્ઞાનની ભાવના ઉછાળીને આપના કેવળજ્ઞાનની સ્તુતિ કરું છું. પણ દેડકાથી સમુદ્રની કથા ન થાય તેમ મારા વિકલ્પથી તારા કેવળજ્ઞાનનો પાર પમાય તેમ નથી. રાગ તોડીને સ્વરૂપમાં સમાઉં ત્યારે જ કેવળજ્ઞાનનો મહિમા પૂરો થાય.

હે નાથ! જે તારા કેવળજ્ઞાન સિવાય અલ્પજ્ઞતાની સ્તુતિ કરે છે તેને કેવળજ્ઞાન થતું નથી. જે કેવળજ્ઞાનની સ્તુતિ કરે તેને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ અને તેના કેવળજ્ઞાનની સ્તુતિ કરનારા બીજા નીકળ્યા વિના રહે નહિ. માટે હે નાથ! હું તારા કેવળજ્ઞાન સિવાય બીજા કોઈનો આદર કરતો નથી. કેવળજ્ઞાનની સ્તુતિ કરીને હું પણ અલ્પકાળે કેવળજ્ઞાન લેવાનો છું.

## શ્લોક-૫

હે જિનેન્દ્ર! આપને ઓળખીને અંતરંગમાં સાક્ષાત્ દર્શન કરે તેની તો શું વાત! પણ જે આપનું નામ લઈને આપના ગુણગ્રામ કરે છે તેને પણ એવાં ઊંચા પુણ્ય બંધાય છે કે તેની પાસે મનોવાંછિત લક્ષ્મી દોડતી આવે છે. અહીં ભાન વગર એકલા નામના સ્મરણની વાત નથી પણ તે નામની પાછળ રહેલા ભાવનું સ્મરણ થતાં, એવા પુણ્ય બંધાઈ જાય છે કે બહારની સિદ્ધિ તો સહેજે આવી જાય છે. સ્વરૂપ લક્ષ્મીની શ્રદ્ધા-જ્ઞાન કરનારા સાધકને વચ્ચે પુણ્યનાં ફળમાં બહારની લક્ષ્મી તો કૂદકા મારતી ચાલી આવે છે, પણ હે નાથ! તે પુણ્યનો કે પુણ્યના ફળનો અમને મહિમા નથી, અમને તો વીતરાગી સ્વભાવનો જ મહિમા છે. જેને લક્ષ્મીની રુચિ છે તેવા જીવને આવા પુણ્ય નથી હોતાં. હે નાથ! અમે સ્વભાવની સ્વતંત્રતા જાણી, તો વચ્ચે પુણ્ય પણ એવા ફળશે કે જગતમાં બહારની પરાધીનતા પણ કરવી નહિ પડે.

તીર્થંકરનો આત્મા જે માતાની કૂંખે આવવાનો હોય તે માતાના પેટને સાફ કરવા માટે અગાઉથી દેવીઓ આવે. આવું તો હે નાથ! ચૈતન્ય સ્વભાવની સાધનામાં વચ્ચે બાકી રહેલા રાગનું ફળ છે, તો રાગરહિત

સ્વભાવના મહિમાની શું વાત કરવી? એમ કહીને આચાર્યદેવ સ્વભાવના જ ગાણા ગાય છે. જેને પુણ્યની ભાવના છે તેને આવા ઊંચા પુણ્ય બંધાતા નથી.

હે નાથ! તારી સ્તુતિ કરનારા જીવોની પાસે લક્ષ્મી આગળ ને આગળ ખડી રહે છે. તો પછી જે જીવ સાક્ષાત્ આપની પ્રાપ્તિ કરીને કેવળજ્ઞાન પામશે તેને તો અંતરંગ ને બહિરંગ લક્ષ્મી મળે—તેની શું વાત!

જેમ શેરડીના કૂચામાં પણ જરાક મીઠાશ હોય છે, તેમ વીતરાગતાના સાધકને વચ્ચે પુણ્ય પણ ઉંચા હોય છે. પણ ધર્મીને સ્વભાવના આદર સિવાય પુણ્યનો આદર હોતો નથી. જે ભગવાનનો ભક્ત છે, તેને રાગની મીઠાશ હોતી નથી. અને જેને રાગની મીઠાશ છે તે ભગવાનનો ભક્ત નથી. અહીં જે પુણ્યનું વર્ણન કર્યું છે તે પુણ્યનો મહિમા બતાવવા માટે નથી, પણ સાધકને સ્વભાવની આરાધનાનું ફળ તો પરમાત્મદશા છે, ને વચ્ચે જે રાગ રહી જાય તેનું ફળ બાહ્ય સમવસરણાદિનો સંયોગ છે. તે બંને વાત આચાર્યદેવે બતાવી છે.

## શ્રાવણ વદ ૧૩, બુધવાર

આત્મસ્વરૂપનું ભાન કરીને પૂર્ણ પરમાત્મદશા જેમને પ્રગટી છે એવા ભગવાનની આ સ્તુતિ ચાલે છે. એટલે પરમાર્થે આત્માના સ્વભાવની જ આ સ્તુતિ છે. ભગવાનની ભક્તિના નામે પણ સંત મુનિઓએ આત્માના જ ગાણા ગાયા છે.

## શ્લોક-૬

અહીં આચાર્યદેવ અલંકારથી ભક્તિ કરતાં કહે છે કે હે સર્વજ્ઞ ભગવાન! સર્વાર્થસિદ્ધિનું વિમાન પણ આપના ચરણકમળને લીધે જ શોભતું હતું. આપના વગર તો સર્વાર્થસિદ્ધિના વિમાનની પણ શોભા અમને તો લાગતી નથી. આ પ્રમાણે અલંકાર દ્વારા આચાર્યદેવે એમ કહ્યું છે કે હે નાથ! અમને તો આત્માના સ્વભાવની જ શોભા લાગે છે, તે સિવાય દેવલોકની શોભા પણ અમને લાગતી નથી. સર્વજ્ઞ વીતરાગ ભગવાનની ભક્તિ કોણ કરી શકે? કે જેને સર્વજ્ઞતા અને વીતરાગતા રુચતી હોય, પણ તેનાથી વિરુદ્ધ રાગાદિભાવો રુચતા ન હોય તે જ ભગવાનની સ્તુતિ કરી શકે. જેને

www.vitragvani.com



રાગ અને બહારના સંયોગોની રુચિ છે તે વીતરાગની સાચી ભક્તિ નહીં કરી શકે.

આ સ્તુતિ ઋષભદેવ પ્રભુની છે. ઋષભ એટલે શું?—પરમાર્થે જેઓ આત્માના પરમાત્મપદને પામે તે બધાય ઋષભ છે, એટલે બધાય ભગવંતો ઋષભ છે અને ''ઋષભદેવ'' નામના ભગવાન આ ચોવીસીના પ્રથમ તીર્થંકર થયા; તેઓ પૂર્વે આત્મભાન કરીને મુનિ થયેલ અને પછી ''સર્વાર્થસિદ્ધિ'' નામના સૌથી ઊંચા વિમાનમાં ગયા હતા. સર્વાર્થસિદ્ધિમાં એકાવતારી મુનિ જ જાય. અહીં આચાર્યદેવ તે સર્વાર્થસિદ્ધિને યાદ કરીને અલંકારથી ભગવાનની સ્તુતિ કરે છે કે હે નાથ! તે વિમાન એકલું શોભતું નથી, પણ આનંદકંદ આત્માના ભાન સહિત આપ તેમાં બિરાજમાન હતા તેથી જ તે શોભતું હતું, પણ આપ ત્યાંથી અહીં અવતર્યા એટલે આપના વિના તે વિમાનની શોભા પણ જાણે ઘટી ગઈ હોય—એમ અમને લાગે છે. હે નાથ! તારી શોભાથી જ ઉર્ધ્વલોકની શોભા છે, તારા વગર તો ઉર્ધ્વલોક પણ શોભતો નથી. હે પ્રભો! આપ જ્યાં રહો છો ત્યાં જ મહાન શોભા છે; આમ કહીને આચાર્યદેવ આત્મસ્વભાવનાં જ ગાણા ગાય છે. ''હે પ્રભો! આપ આ પૃથ્વી ઉપર પધાર્યા તેથી આ પૃથ્વીની શોભા વધી ગઈ''—એ વાત હવેના શ્લોકમાં કહે છે.

## શ્લોક-૭

આચાર્યદેવ હરતાં ને ફરતાં ઉર્ધ્વલોકમાં કે મધ્યલોકમાં—બધેય ભગવાનની વીતરાગતાને જ દેખે છે. જેને અંદર આત્માનું ભાન થયું છે તે ક્ષણે ને પળે ચૈતન્ય પ્રભુને જ દેખે છે, પુણ્ય-પાપને તે તુચ્છ જાણે છે. ભગવાનનો ભક્ત, ધર્માત્મા તો સર્વત્ર ચૈતન્યની પ્રભુતાને ભાળે છે, ચૈતન્યના મહિમા સિવાય બીજે ક્યાંય મહિમા તેને આવતો નથી.

હે ભગવાન! આપ જ્યારે મરૂદેવી માતાની કૂંખે પધારવાના હતા તે પહેલાં છ મહિના પૂર્વે તો આ પૃથ્વીમાં રત્નોની વર્ષા થવા લાગી. તીર્થંકરને સ્વર્ગમાં કે નરકમાં જ્યારે છ માસનું આયુષ્ય બાકી હોય ત્યારે તીર્થંકરના ભવનું આયુષ્ય બંધાય છે અને ત્યારથી જ, જે માતાની કૂંખે તેઓ અવતરવાના હોય તે માતાની સેવા કરવા દેવીઓ આવે છે તથા તેના આંગણે રોજ-રોજ આકાશમાંથી રત્નોની વર્ષા થાય છે. હે નાથ! આપનો આત્મા સહજ ચિદાનંદપણે પરિણમનારો છે. આપ કુદરતી આત્મા છો. તો

જ્યાં આપનું આગમન થાય ત્યાં પરમાણુ પલટીને આકાશમાંથી રત્નોની વૃષ્ટિ થાય તેમાં શું આશ્ચર્ય? હે નાથ! આપના આગમનકાળે જ્યારે રત્નોની વૃષ્ટિ થઈ ત્યારથી આ પૃથ્વી "વસુમતી" બની. એટલે હે નાથ! આ પૃથ્વીની શોભા આપનાથી જ છે. આમાં પુણ્યના વખાણ નથી, પણ આત્માની પવિત્રતાનાં વખાણ છે. હે નાથ! તારી પવિત્રતા પાસે આવા પુણ્ય તો રાડાં જેવા છે. જેમ અનાજની સાથે ખડ તો પાકે, તેમ સાધક આત્માને વચ્ચે આવા પુણ્ય બંધાઈ જાય. જેટલાં તીર્થંકરો થાય તે બધાયને આ પ્રમાણે રત્નવૃષ્ટિનો યોગ બને છે—એવો નિયમ છે. અત્યારે મહાવિદેહમાં સીમંધરપ્રભુ તીર્થંકરપણે બિરાજે છે, તેમના જન્મ પહેલાં પણ આવી રત્નવૃષ્ટિ થઈ હતી.

## શ્લોક-૮

હે નાથ! જગતની બધી સ્ત્રીઓમાં અમને આ મરૂદેવી માતા જ મુખ્ય ભાસે છે. હે માતા ! તું જ ખરી માતા છો, કેમ કે તું જગતના નાથ સર્વજ્ઞ તીર્થંકર થનારા એવા ભગવાનની જનેતા છો. ભક્તામર સ્તોત્રમાં પણ કહે છે કે :–

સ્ત્રી સેંકડો પ્રસવતી બહુ પુત્ર ઝાઝા,
ના અન્ય આપ સમ કો પ્રસવે જનેતા;
તારા અનેક ધરતી જ દિશા બધીય,
તેજે સ્ફુરિત રવિને પ્રસવે જ પૂર્વ. ૨૨

હે નાથ! સામાન્ય તારાઓ તો બધી દિશામાં હોય છે, પણ ઝગમગતા સૂર્યને તો પૂર્વ દિશા જ ધારણ કરે છે. તેમ હે નાથ! સામાન્ય પુત્રોને તો જગતની અનેક સ્ત્રીઓ જન્મ આપે છે, પણ જેણે આપના જેવા પવિત્ર પુત્રને જન્મ આપ્યો તે માતા આ જગતમાં ધન્ય છે.

ખરેખર માતાનાં વખાણ નથી પણ આત્માની પરમાત્મદશાનાં વખાણ છે. હે નાથ! તારે લીધે જ માતાની શોભા છે.

## શ્લોક-૯

તીર્થંકરોને પવિત્રતા સાથે પુણ્ય કેવા ઊંચા હોય છે તે પણ આમાં આવી જાય છે. બીજાને તો આવા ઊંચા પુણ્ય પણ હોતાં નથી. આવી ઋદ્ધિ

ન હોય અને પોતાને તીર્થંકર કહેવરાવે તો તે તીર્થંકર હોઈ શકે નહિ, છતાં પુણ્યનો મહિમા નથી, મહિમા તો અંતરના સ્વભાવનો જ છે.

તીર્થંકરની પવિત્રતાની તો શું વાત? પણ તીર્થંકરના જે માતા-પિતા હોય તેમને પણ આહાર હોય પરંતુ નિહાર ન હોય. તીર્થંકરનું શરીર મહા સુંદર સ્ફટીક જેવું હોય છે. બાળક હોય ત્યારે પણ એવું રૂપ હોય છે કે ઇન્દ્રને પણ જોતાં તૃપ્તિ ન થાય. હે ભગવાન! જન્માભિષેક વખતે જ્યારે ઇન્દ્રે પોતાની ગોદમાં લઈને એકી ટસે આપને જોયા ત્યારે તેની આંખો સફળ થઈ અને તેની આંખોનું હજારપણું પણ ત્યારે સફળ થયું. ઇન્દ્રનું ઇન્દ્રપણું ત્યારે જ સફળ થયું. જુઓ ઇન્દ્ર સમકિતી છે. આત્માનું ભાન છે, અંદર જ્ઞાનચક્ષુ વડે પોતાના આત્માને ચૈતન્ય ભગવાનપણે નીરખે છે, ને બહારમાં હજાર નેત્ર વડે તીર્થંકર પરમાત્માના રૂપને નિહાળે છે. તીર્થંકરને નિહાળવાનું ભાગ્ય પણ મહાપુણ્યવંતને મળે છે.

અંતરમાં ચૈતન્યબિંબ બિરાજમાન છે તેને અવલોકવાની દૃષ્ટિ સહિતની આ વાત છે, એકલા રાગની મુખ્યતા નથી. હે નાથ! જે આંખોએ આપને નથી જોયા તે આંખોને અમે સફળ નથી માનતા! મનુષ્યભવની કે ઇન્દ્રપદની મહત્તા અમને નથી લાગતી, પણ જેણે અંતરમાં ચૈતન્ય પરમાત્માને જોયો અને બહારમાં નિમિત્ત તરીકે સર્વજ્ઞ પરમાત્માને જોયા તેનું જ જીવન ધન્ય છે, આમ કહીને આચાર્યદેવ આત્માના જ ગાણાં ગાય છે.

## શ્લોક-૧૦

ચંદ્ર અને સૂર્ય મેરુપર્વતને પ્રદક્ષિણા કેમ કરે છે? તો આચાર્યદેવ કહે છે કે હે પ્રભો! આપના જન્માભિષેક વખતે આપના સ્નાનનું જે પાણી મેરુ ઉપર પડ્યું તેને લીધે મેરુ પર્વત તીર્થ બની ગયો. અહો! તારા પ્રતાપે તો ડુંગરાનેય તીર્થપણું પ્રાપ્ત થયું. તેથી જ ચંદ્ર અને સૂર્ય સદા તેની પ્રદક્ષિણા કરે છે. જુઓ, આચાર્યદેવની ભાવના!!

આમાં એ વાત પણ આવી જાય છે કે ધર્મી જીવને પણ ભક્તિથી તીર્થની યાત્રા વગેરેનો શુભરાગ થાય છે. બીજા શ્લોકમાં પુષ્પ વડે પૂજાની વાત આવી હતી, ને અહીં તીર્થની યાત્રાની વાત છે. વીતરાગદશા થયા પહેલાં તેવો રાગ સાધકને આવે છે, પણ વસ્તુના સ્વભાવ પાસે તે રાગની વાત ગૌણ થઈ જાય છે. મોક્ષને સાધનારા સંત-મુનિ જ્યાં બિરાજે તે ક્ષેત્રને

પણ 'તીર્થ' કહેવાય છે. હે પ્રભો! મેરુ પર્વતને તીર્થપણું આપના પ્રતાપે મળ્યું. તેથી જ ચંદ્ર-સૂર્ય તેની પ્રદક્ષિણા કરે છે.

## શ્લોક-૧૧

હે નાથ! મોટા મોટા કળશ વડે જ્યારે આપનો અભિષેક થયો અને પાણીના ધોધ છૂટ્યા ત્યારે તે પાણીના ઊછાળાની સાથે સાથે દેવો પણ ઊછળી ઊછળીને આકાશમાં ફેલાઈ ગયા! હે નાથ! દેવો તારી ભક્તિને લીધે આકાશમાં ઊછળવા લાગ્યા, એમ હું તો આકાશમાં ભક્તોની મોટી ભીડ ભાળું છું. ભક્તોની આવી ભીડ ભાગ્યવંત ભાળે છે. જુઓ! આમાં ભગવાનના અભિષેકની વાત આવી જાય છે. ભગવાનના અભિષેકનો ભાવ તે પુણ્યભાવ છે, ભક્તિભાવ છે. તેનાથી કોઈ પાપ માનતું હોય તો તેને ભગવાનની ભક્તિની કે ભગવાનના મહિમાની ખબર નથી.

## શ્લોક-૧૨

હવે વાદળામાં અલંકાર કરે છે. હે પ્રભો! જ્યારે મેરુ ઉપર આપનો જન્માભિષેક થયો અને ઇન્દ્ર વગેરેએ પોતાની લાંબી ભૂજાઓ પહોળી કરીને ભક્તિથી નાચ કર્યો ત્યારે તે ભૂજાના પ્રહારથી વાદળાં ખંડિત થઈ ગયા! વાદળામાં પણ અમને ચૈતન્યનો મહિમા દેખાય છે. હે નાથ! ચૈતન્યનું ભાન કરીને અમારામાં જ્યાં જ્ઞાન-દર્શનરૂપી બે ભૂજા પ્રગટી ત્યાં તે ભૂજાના પ્રહારથી અમારા અનાદિના કર્મો ખંડ-ખંડ થઈ ગયાં. હે નાથ! ચૈતન્યનું ભાન થતાં અનાદિનું જે કર્મદળ અખંડ હતું તે હવે ખંડિત થઈ ગયું. ઇન્દ્રના હાથથી ખંડિત થયેલાં વાદળાં આજે પણ ક્ષણભંગુર જ છે. તેમ હે નાથ! જ્યાં અમારો આત્મા જાગ્યો ત્યાં અમને અમારા કર્મરૂપી વાદળાં ક્ષણભંગુર જ લાગે છે. ક્ષણ–બે ક્ષણમાં તેનો નાશ થઈ જશે ને અમને કેવળજ્ઞાન થશે, આ પ્રમાણે અલંકાર કરી કરીને ભક્તિમાં આચાર્યદેવે પોતાના કેવળજ્ઞાનની ભાવનાને મલાવી છે.

અહો! સૌધર્મ-ઇન્દ્ર જેવા સમ્યગ્દ્રષ્ટિ એકાવતારી પણ ભક્તિથી ભગવાન પાસે નાચી ઊઠે છે, તે વખતે ભાન છે કે ભગવાન કાંઈ આપતા નથી પણ તેમને તે જાતનો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. ભગવાન પાસે નાચવામાં "કોઈ અમને તુચ્છ ગણશે, ઉછાંછળા ગણશે, હલકા ગણશે"

એમ વિકલ્પ નથી ઉઠતો, જેને ભગવાન પાસે ભક્તિ ઊછળી તે ભક્તો કેમ ઝાલ્યા રહે? ઇન્દ્રને અંદર ચૈતન્યનું ભાન છે ને બહારમાં તીર્થંકરને જોતાં ભક્તિથી નાચી ઊઠે છે. તેને યાદ કરીને અહીં આચાર્યદેવે ભક્તિથી અલંકાર કર્યો છે.

(શ્રાવણ વદ-૧૪, શુક્રવાર) ચાલુ

આચાર્યદેવ જંગલમાં રહીને અનુભવ સહિત ભગવાનની સ્તુતિ કરતાં આત્માના સ્વભાવિક ગુણને મલાવે છે.

જેઓ શુદ્ધ નિર્મળ આત્મસ્વભાવને પામ્યા તેવા ભગવાનની આ સ્તુતિ છે. જે ભગવાનની સ્તુતિ કરે એટલે કે આત્માના નિર્મળ સ્વભાવની રુચિ કરે તે જીવને રાગની કે પુણ્યની રુચિ હોય નહિ, સ્તુતિનો જે શુભ વિકલ્પ ઊઠ્યો છે તેનું ધર્મીને બહુમાન નથી પણ આત્માના ગુણનું જ બહુમાન છે.

## શ્લોક-૧૩

ભક્તિપૂર્વક આચાર્યદેવ કહે છે કે હે નાથ! કલ્પવૃક્ષ પણ આપ જ છો. પહેલાં કલ્પવૃક્ષમાંથી તો વસ્ત્ર-મકાન-દીપક વગેરે  જડ સામગ્રીઓ મળતી, તે કલ્પવૃક્ષ જ્યારે ખૂટ્યાં ત્યારે આપે જ કલ્પવૃક્ષનું કામ કર્યું છે. કલ્પવૃક્ષોમાં ઉત્તમ કલ્પવૃક્ષ આપ જ છો. હે નાથ! આપને ચિંતવતાં આત્મામાં મોક્ષ ફળ પાકે, એવા કલ્પવૃક્ષ આપ જ છો. પરમાર્થે તો પોતાનો આત્મા જ કલ્પવૃક્ષ છે ને નિમિત્ત તરીકે સર્વજ્ઞ ભગવાન કલ્પવૃક્ષ છે. આમ કહીને આચાર્યદેવ કહે છે કે હે નાથ! અમને પુણ્યના ફળરૂપ કલ્પવૃક્ષનો મહિમા નથી પણ આપની વીતરાગતાનો જ મહિમા છે.

## શ્લોક-૧૪

હે નાથ! હે ભગવાન! આપનો જન્મ થતાં આ પૃથ્વી અનાથમાંથી સનાથ બની. આપનો જન્મ થતાં પૃથ્વી આનંદમય બની ને તેમાં અંકૂરા ફૂટ્યા એટલે હે નાથ! આપને યાદ કરતાં અમને તો પ્રફુલતા થાય, પણ અમને તો એમ લાગે છે કે હે નાથ! આપને લીધે તો જાણે આખી પૃથ્વી પ્રફુલ્લ બની ગઈ, હું અનાદિનો અનાથ હતો ને હવે તારા પ્રતાપે શ્રદ્ધા-જ્ઞાન કરીને હું સનાથ થયો, એમ પોતાનો આરોપ કરીને આચાર્યદેવ કહે છે કે હે નાથ! આપે તો આખી પૃથ્વીને સનાથ કરી દીધી.

## શ્લોક-૧૫

ભગવાનના ગર્ભની અને જન્મની વાત કરી, હવે વૈરાગ્યની વાત કરે છે.

ઋષભદેવ ભગવાન એકવાર રાજસિંહાસને બેઠા હતાં. ઇન્દ્રને વિચાર થયો કે પ્રભુને હવે દીક્ષાનો કાળ નજીક આવ્યો છે, માટે કાંઈક વૈરાગ્યનો પ્રસંગ ઉપસ્થિત કરું. આમ વિચારીને ઇન્દ્રાણીઓના નૃત્યમાં નીલાંજના નામની એક એવી દેવીને ગોઠવી કે જેનું આયુષ્ય નાચતાં નાચતાં જ પૂરું થઈ ગયું. તે જોતાં જ ભગવાન દેહાદિની ક્ષણભંગુરતા વિચારીને વૈરાગ્ય પામ્યા. આ પ્રસંગનું વર્ણન કરીને આચાર્યદેવ ભક્તિથી કહે છે કે હે પ્રભો! આપે તે વખતે નીલાંજનાના શરીરની માફક લક્ષ્મી-રાજ્ય વગેરે સમસ્ત પદાર્થોને પણ વીજળી સમાન ક્ષણભંગુર જાણી લીધા, ને નિત્ય તો પોતાનો શુદ્ધ ચિદાનંદ આત્મા જ છે એમ જાણીને આપ વૈરાગ્ય પામીને દીક્ષિત થયા.

આમાં આચાર્યદેવ એવો પણ ઉપદેશ આપે છે કે જીવને પોતાનો શુદ્ધ આત્મા નિત્ય છે, તે જ શરણરૂપ છે. એ સિવાય કોઈ સંયોગ આત્માને નિત્ય નથી, માટે આત્માનો આશ્રય કરવા જેવો છે.

## શ્લોક-૧૬

નદીના પાણીના પ્રવાહને ભાળતાં આચાર્યદેવ ભગવાનની ભક્તિથી કહે છે કે હે જિનેન્દ્ર! જ્યારે આપે વૈરાગ્ય પામીને આ આખી પૃથ્વીને છોડી દીધી ત્યારથી આ પૃથ્વી આપના વિયોગથી રૂદન કરી રહી છે. તેના રૂદનના આંસુનો આ પ્રવાહ છે, જુઓ તો ખરા! નદીમાં પણ ભગવાનને જ ભાળે છે? નદીમાં પાણીનો જે કલકલ અવાજ થાય છે, તે તો પૃથ્વીના વિલાપનો અવાજ છે; કેમકે આપ વૈરાગ્ય પામીને પૃથ્વી છોડીને ચાલ્યા ગયા ત્યારથી તે વિયોગથી કલરવ કરે છે. જુઓ! જે વૈરાગી છે તે પોતે જ્યાં ને ત્યાં વૈરાગ્યને જ ભાળે છે, નદીના પ્રવાહના ખળભળાટને પણ વૈરાગ્યનું નિમિત્ત બનાવીને કહે છે કે, અરે! વીતરાગના વિરહા પડ્યા તેથી આ પૃથ્વી રૂવે છે.

હે નાથ! આપ ચિદાનંદ આત્માનું ધ્યાન કરતાં ઊભા છો. તે જગતને એમ બતાવે છે કે, ચિદાનંદ ભગવાન આત્માનું જ ધ્યાન કરવા જેવું છે, એ

સિવાય રાગનું કે બાહ્ય પદાર્થનું ધ્યાન કરવા જેવું નથી, સૂર્યને દેખતાં ત્યાં પણ ભગવાનના વીતરાગી ધ્યાનનું ફળ જ ભાળતાં આચાર્યદેવ કહે છે કે :–હે નાથ! આપે ઘાતિ કર્મને બાળી નાખીને કેવળજ્ઞાન લેવા માટે શુક્લધ્યાનરૂપી અગ્નિ જ્યારે પ્રગટ કર્યો ત્યારે તેના બે તણખા ઉડ્યા હતા, તે બે તણખામાં સૂર્ય અને ચંદ્ર તરીકે હજી ફરી રહ્યા છે, હે નાથ! હું સૂર્ય અને ચંદ્ર નથી ભાળતો પણ તારા શુક્લધ્યાનને જ ભાળું છું.

વળી, હે નાથ! ધ્યાનમાં આપના લટકતા હાથ એમ બતાવે છે કે આપ તો કૃતકૃત્ય થઈ ગયા છો, આપને હવે કાંઈ કામ કરવાનું બાકી રહ્યું નથી, તેથી આપના હાથ લટકતા રહી ગયા છે. વળી આપને ચૈતન્યસ્વભાવથી બહાર જવા યોગ્ય કોઈ સ્થાન રહ્યું નથી તેથી આપ નિશ્ચલપણે ઊભા છો;

દેખવાયોગ્ય જે સર્વોત્કૃષ્ટ ચૈતન્ય ભગવાન છે તેના ધ્યાનમાં આપ લીન છો. હવે ચૈતન્ય સિવાય બહારનો કોઈ પદાર્થ દેખવાયોગ્ય નથી રહ્યો, તેથી આપની આંખો નીચી ઢળી ગઈ છે. વળી હે ભગવાન! આપને કોઈની પાસે રહીને કોઈની વાત સાંભળવાનું રહ્યું નથી, તેથી આપ એકાંતમાં વસો છો.—આ રીતે બહિર્મુખ વલણ છોડીને અંતરમાં ચિદાનંદ આત્માના ધ્યાનમાં લીન એવા ભગવાન સદા લોકમાં જયવંત હો! આમ કહીને આચાર્યદેવે એમ કહ્યું કે જગતના જીવોને આ પ્રમાણે આત્મ સ્વભાવનું જ ધ્યાન કરવા જેવું છે. હે પ્રભો! આપે કર્યું તે જ અમારે કરવા જેવું છે; એ સિવાય શુભાશુભ ભાવો કરવા જેવા નથી.

## શ્લોક-૧૭

જેમ ઘરમાં આધારભૂત સ્તંભ હોય તેમ હે ભગવાન! જ્યારે આપ આત્મધ્યાનમાં અડગ ઊભા હતા ત્યારે ધર્મરૂપી ઘરના સ્તંભ તરીકે શોભતા હતા. પુણ્ય-પાપ તે ધર્મનો થાંભલો નથી, પણ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેના ધ્યાનમાં લીન થવું તે જ ધર્મનો થાંભલો છે. પુણ્યને જે ધર્મનો થાંભલો માને તે જીવ ભગવાનની આવી ભક્તિ ન કરી શકે. હે પ્રભો! આપે કેવળજ્ઞાન પામીને દિવ્યધ્વનિથી જગતને ધર્મનો ઉપદેશ કર્યો તેથી આપ ધર્મના સ્તંભ છો.

## શ્લોક-૧૮

ધ્યાનસ્થ ભગવાનના કાળા વાળ જોતાં આચાર્યદેવ કહે છે કે હે નાથ! આપના ઉગ્ર ધ્યાન વડે કાર્મણ શરીર બળી ગયું તેનો જે ધૂમાડો નીકળ્યો તે જ આ વાળના રૂપમાં અમને દેખાય છે. હે નાથ! વાળને જોતાં અમે દેહને ભાળતા નથી, પણ તારા આત્માના ઊગ્ર ધ્યાનને જ ભાળીએ છીએ. જુઓ! ઘણાં વર્ષો પહેલાં થઈ ગયેલા ભગવાન જાણે પોતાની સામે જ ધ્યાનસ્થ બેઠા હોય એમ આચાર્યદેવ ભક્તિથી અલંકાર કરે છે.

હું જ્ઞાનાનંદ છું, એમ પોતાના ચૈતન્ય ભગવાનનું જે સ્વપ્ને પણ દર્શન પામે તે જીવનું મન બીજે ક્યાંય જતું નથી, પોતાનો આત્મા સહજ ચિદાનંદ પરમાત્મા છે, તે આત્મસ્વભાવને સાધીને જ ભગવાન પૂર્ણ થઈ ગયા છે, પણ પોતે હજી સાધક છે તેથી પૂર્ણ પરમાત્મા થઈ ગયેલા ભગવાનમાં પણ સાધકપણાને તાજું કરીને યાદ કરે છે કે હે નાથ! આપના ધ્યાનાગ્નિથી બળેલા કર્મનો ધૂમાડો જ આ કાળા વાળપણે દેખાય છે.

કોઈ કહે કે :–ઋષભદેવ પ્રભુ થયા તેને તો અસંખ્ય વર્ષો વીતી ગયા, તો તેમના ધ્યાનાગ્નિને તમે ક્યાંથી ભાળ્યો? તો આચાર્યદેવ કહે છે કે મને વર્તમાનમાં ધ્યાનાગ્નિરૂપ સાધકદશા છે, તે ધ્યાનાગ્નિના બળે કર્મોને બાળીને કેવળજ્ઞાન લેવાની ભાવના છે, એટલે ભક્તિના બળે ભગવાનની ધ્યાનદશાને પણ વર્તમાનમાં જ ભાળું છું.

## શ્લોક-૧૯

હે નાથ! જ્યાં અંતરમાં લીન થતાં આપને કેવળજ્ઞાન થયું ત્યાં લોકાલોક આપના જ્ઞાનમાં પ્રતિભાસ્યા. જગતમાં પદાર્થો તો હતા, પણ કેવળજ્ઞાન થયું ત્યારે જણાયા, માટે તે કેવળજ્ઞાનનો મહિમા છે ને તે કેવળજ્ઞાનનો ઉપાય અંતરમાં એકાગ્રતા કરવી તે જ છે, એ વાત પણ આવી જાય છે. પંચમકાળમાં ભગવાનના કેવળજ્ઞાનને યાદ કરીને આચાર્યદેવ કહે છે કે હે નાથ! મને મારા જ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિર્ણય થયો એટલે હું આપની ભક્તિ કરું છું. હું પણ અંતરમાં એકાગ્ર થઈને કેવળજ્ઞાન પ્રગટ કરું એવી મારી તાકાત છે, તેની શ્રદ્ધા થઈ છે પણ હજી કેવળજ્ઞાન સાક્ષાત્ પ્રગટ્યું નથી, તેથી આપના કેવળજ્ઞાનના ગાણાં ગાઉં છું.

જુઓ! ભગવાનના કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય એમ કહીને જે ભગવાનના કેવળજ્ઞાનની સ્તુતિ કરે છે તેને લોકાલોકની પ્રતીત છે, કેવળજ્ઞાનની પ્રતીત છે. આત્મામાં પૂરું જ્ઞાન સામર્થ્ય ખીલે એવી તાકાત છે, તેનો વિશ્વાસ છે. જેમ નીચલી દશામાં સ્વ-પરપ્રકાશક આત્માની પ્રતીત વગર પરનું યથાર્થ જ્ઞાન થતું નથી, તેમ કેવળજ્ઞાન વગર લોકાલોકનું જ્ઞાન થતું નથી. આત્માની કેવળજ્ઞાન શક્તિની પ્રતીત કરતાં સમ્યગ્દર્શન થાય. હે નાથ! આપ તો જ્ઞાનમાં એકાગ્ર થયા છો. પર તરફ વળીને લોકાલોકને આપે નથી જાણ્યા, પણ સ્વમાં એકાગ્ર થઈને કેવળજ્ઞાન પ્રગટ કર્યું ત્યાં લોકાલોક આપના જ્ઞાનમાં જણાઈ ગયા છે, તેમ હે નાથ! હું પણ અંતરમાં એકાગ્ર થાઉં તો કેવળજ્ઞાન થાય અને લોકાલોક જણાય. ભગવાન કહે છે કે તારા આત્માના મહિમાથી તું જાગ્યો ત્યારે તેં મને જાણ્યો? કેમ કે સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન હોય નહિ. ભગવાન જેવા પોતાના સ્વભાવની રુચિ અને જ્ઞાન કરતાં ભગવાનની સાચી ભક્તિ થાય છે.

## શ્લોક ૨૦

હે ભગવાન ! આત્મ ધ્યાન દ્વારા આપે જ્યાં ચાર ઘાતિ કર્મને મૂળમાંથી છેદ કરી નાખ્યો ત્યાં બાકીના ચાર અઘાતિ કર્મો પણ એવા ડરી ગયા કે મડદાં જેવા થઈને સંતાઈ ગયા છે! બળેલી સીંદરી જેવા થઈ ગયા છે, એટલે તેનામાં હવે રોગ કે ક્ષુધાદિક ઉપજાવવાનું સામર્થ્ય રહ્યું નથી. વેદનીયાદિ ચાર કર્મ તો ''બળી સીંદરીવત્ આકૃતિમાત્ર'' રહ્યાં છે. એ ચાર અઘાતિ કર્મો તો મરી ગયેલા જેવાં છે. ચૈતન્ય સ્વભાવમાં દ્રષ્ટિ કરતાં દર્શનમોહ જાય ને સ્થિરતા કરતાં ચારિત્ર મોહ આદિ જાય, પછી પરમાત્મ અરિહંતદશામાં ચાર અઘાતિ કર્મો રહે છે, પણ તે કેવા છે? કે ''ભગવાને ચાર ઘાતિ કર્મરૂપી મહાજોદ્ધાને માર્યા તો હવે અમારી તો શી ગણતરી!'' એવા ભયને લીધે જે મડદાં જેવા થઈ ગયાં છે. કોઈ એમ કહે કે ''વેદનીય કર્મ ભગવાનને ક્ષુધા ઉપજાવે''—તો તે વાત જૂઠી છે, એમ પણ આમાં આવી જાય છે. ભગવાનની ભક્તિના બહાને આચાર્યદેવ પોતે પોતાની પરમાત્મદશાને સંભારીને તેની ભાવના કરે છે, ને જગતને પણ પરમાત્મદશાની ઓળખાણ કરાવે છે.

(શ્રાવણ વદ ૦))નું પ્રવચન ટપાલમાં ગુમ થયું હોવાથી આપી શકાયું નથી.)

(ભાદરવા સુદી-૧, રવિવાર)

## શ્લોક-૨૮

આ ઋષભદેવ ભગવાનની ભક્તિ ચાલે છે, આત્માનો જે જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાન પામ્યા તેવો જ મારો સ્વભાવ છે, હું પણ વિકારનો આદર છોડીને, સ્વભાવના આદરથી પરમાત્મા થવાની તાકાતવાળો છું. આવા ભાન સહિત ધર્મી જીવ ભક્તિ કરે છે. શરીર તો જડ છે, તેનાથી આત્માને કાંઈ લાભ-નુકશાન થતું નથી; આત્માની પર્યાયમાં જે પુણ્ય-પાપની વાસના થાય તે મારું સ્વરૂપ નથી. હું તો ચૈતન્ય છું એમ જાણવું—માનવું તે પરમાત્માની પહેલી ભક્તિ છે. સાધક જીવને વચ્ચે શુભરાગ થતાં ભગવાન પ્રત્યે બહુમાનનો ભાવ આવે છે તે વ્યવહાર ભક્તિ છે, ને અંદર ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન બહુમાન તે પરમાર્થ ભક્તિ છે.

અહીં ભક્તિ કરતાં પદ્મનંદી મુનિરાજ કહે છે કે હે ભગવાન્! આત્માની શક્તિનો વિકાસ કરીને આપ તો કેવળજ્ઞાન પામ્યા અને આપના સમવસરણમાં મંગળમય દુંદુભિ વાગે છે; તે દુંદુભિ નગરું ત્રણ લોકને ભેગા કરીને એ વાત સંભળાવે છે કે અરે જીવો! વાસ્તવિક પરમાત્મા જો કોઈ હોય તો તે આ સર્વજ્ઞ ભગવાન જ છે. આવો રે આવો! આ ભગવાનની વાણી સાંભળવા આવો. આ સર્વજ્ઞ પરમાત્માથી જુદો કોઈ બીજો પરમાત્મા નથી, જગતનો કર્તા કે હર્તા એવો કોઈ પરમાત્મા છે જ નહિ, જગતની ચીજો સ્વતંત્ર છે. ભગવાન દરેક આત્માને સ્વયંસિદ્ધ ચિદાનંદ બતાવે છે, એવા આ ભગવાન સિવાય બીજો કોઈનો ઉપદેશ ન સૂણો.

હે નાથ! આપના સમવસરણમાં વાગતો દિવ્ય દુંદુભિ નિષ્ફળ નથી, પણ તે તો ભવ્ય જીવોને એમ કહે છે કે તમારે આત્મકલ્યાણ કરીને અનાદિકાળની ભૂખડી ભાંગવી હોય તો આ ભગવાનનો ઉપદેશ સાંભળો....આવા સર્વજ્ઞ પરમાત્મા જ દેવ છે, બીજા કોઈ દેવ જગતમાં નથી.

## શ્લોક-૨૯

સર્વજ્ઞ દશા પામેલા તીર્થંકર ભગવાનના દેહમાં પ્રભામંડળ હોય છે, તે સૂર્ય-ચંદ્ર કરતાં પણ તેજસ્વી હોય છે, તો ભગવાનના કેવળજ્ઞાનની પ્રભાની તો શું વાત!

હે નાથ! સૂર્યની પ્રભા તો આતાપ ઉપજાવે છે અને ચંદ્રની પ્રભા તો જડતા લાવે છે, પણ આપની દિવ્ય પ્રભા તો આતાપ અને જડતા બંનેનો નાશ કરીને જ્ઞાનપ્રકાશ ફેલાવનારી છે. હે નાથ! તારા કેવળજ્ઞાનના તેજ પાસે કોઈ તેજ ઉત્તમ નથી. ઉત્તમમાં ઉત્તમ તો આત્માનો ચૈતન્ય સ્વભાવ ખીલ્યો તે છે. પોતાના આત્મ સ્વભાવને ઓળખીને તેની શ્રદ્ધા કરીને તેમાં ઠરતાં જડતા અને આતાપ ટળી જાય છે.

## શ્લોક-૩૦

અષ્ટ પ્રાતિહાર્યમાંથી આચાર્યદેવ હવે દિવ્યધ્વનિનું વર્ણન કરે છે; સર્વજ્ઞતા આત્માની શક્તિમાંથી પ્રગટે છે, એવી સર્વજ્ઞતા પ્રગટ્યા પછી વાણી અભેદ એકાક્ષરી હોય છે. નીચલી દશામાં રાગી જીવની વાણી ભેદવાળી હોય છે. રાગ તૂટીને જ્ઞાન જ્યાં અંદર અભેદ થયું ત્યાં વાણી પણ અભેદ પરિણમે છે, એવો સહજ મેળ છે; કાંઈ આત્મા વાણીનો કર્તા નથી.

હે પ્રભો! મંદરાચલ પર્વત વડે સમુદ્રનું મંથન કરતી વખતે જે મંથનનો અવાજ થયો તેવી તારી દિવ્ય વાણી છૂટે છે. તારી વાણી જ શુભ છે; અજ્ઞાનીઓની કલ્પિત વાણી ખરેખર શુભ નથી. હે નાથ! તારી વાણી સંસારરૂપી વિષનો નાશ કરનારી છે.

જુઓ! ભગવાન આવા દિવ્યધ્વનિનો સાર નિયમસારમાં છે તે આજે ગુજરાતીમાં બહાર પડ્યું છે.

ભગવાનની વાણી તો એમ કહે છે કે દરેક તત્ત્વ સ્વાધીન છે. કોઈ કોઈને તારી કે ડુબાડી શકતું નથી. પોતે પોતાના સ્વભાવના આશ્રયે તરે છે—આવી ભગવાનની વાણીને સમજે તેને સંસારના વિષનો નાશ થઈ જાય છે. માટે નિમિત્તથી કહ્યું છે કે હે નાથ! આપની વાણી સંસારવિષનો નાશ કરનારી છે.

હે નાથ! તારી વાણીએ જગતના પદાર્થોની સ્વતંત્રતા શીખવી; તારી વાણીએ સ્વાશ્રય શીખવ્યો. આવી તારી વાણી જ સંસારનો નાશ કરીને મોક્ષ આપનારી છે.

જીવ પરનું ભલું ભૂંડું કરી શકે, જીવનું ભલું બુરું પરથી થાય એમ પરાશ્રય કહેનારી અજ્ઞાનીઓની વાણી છે, સ્વતંત્રતા સંભળાવનાર તો હે નાથ! તારી વાણી જ છે, માટે તારી વાણી જ શુભ છે. તારા સિવાય જગતમાં બીજા કોઈની વાણી માનવા જેવી નથી. હે પ્રભો! આપે

સર્વજ્ઞજ્ઞાનમાં પદાર્થને અનેકાંત સ્વરૂપે જોયા. આપની વાણી પદાર્થોને અનેકાંત સ્વરૂપ વર્ણવનારી છે. આપની અનેકાન્ત વાણી જ અમને માન્ય છે. જે એકાન્તવાદીની વાણીને માને તે ભગવાનનો ભક્ત નથી. આત્મા સ્વપણે ને પરપણે નથી—પરથી નથી એવી અનેકાંત વાણી છે, પણ એક તત્ત્વ બીજાનું કાંઈ કરે તો તેનું પરપણે નાસ્તિત્વ રહેતું નથી, એટલે તે એકાંતવાણી છે.

આમા સર્વજ્ઞ કેવા હોય અને સર્વજ્ઞની વાણી કેવી હોય તે આચાર્યદેવે ઓળખાવ્યું છે.

## શ્લોક-૩૧

હે નાથ! આપનો જે આશ્રય કરે અને આપે જેવા કહ્યા તેવા ભાવને જે અજ્ઞાની જીવ સમજે તે જીવ પણ એવી ગતિ પામે છે કે જે ગતિ મોક્ષને સાધનારા મુનિઓ પામે છે. જેમ નદીના કિનારે રહેલા ઝાડને નદીનું પાણી ઉત્તમ ફળની ઉત્પત્તિનું કારણ થાય છે, તેમ હે નાથ! તારી પાસે આવેલા જીવોને તારી દિવ્ય વાણી, મોક્ષફળની ઉત્પત્તિનું કારણ થાય છે. હે નાથ! અજ્ઞાની પણ તારી વાણી સાંભળીને તેના અજ્ઞાનનો નાશ થઈ જાય છે ને તે પણ મુનિવરોની માફક મોક્ષ પામે છે.

જેમ કીડી મંદ ગતિએ આંબાનું મૂળ પકડીને તેના ઉપર ચડીને કેરી ખાય છે, ને પોપટ શીઘ્ર ગતિએ ઉપરથી ઊડતો આવીને કેરી ખાય છે; પણ બન્નેને સ્વાદ તો કેરીનો સરખો છે તેમ કોઈ જીવો તો આત્માને સમજી શીઘ્ર સ્થિર થઈને મોક્ષસુખ પામે છે ને કોઈ જીવ તેવો ઊગ્ર પુરુષાર્થ ન કરી શકે પણ જો આત્માને સમજીને સમ્યગ્જ્ઞાન કરે તો તે પણ ક્રમે ક્રમે તેવાજ મોક્ષસુખને પામે છે. પણ જે મૂળ ઝાડને એટલે કે ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધાને પકડે છે એટલે ભગવાને જેવો કહ્યો તેવા આત્માને સમજે છે તે બધા જીવો ક્રમે ક્રમે મોક્ષને પામે છે. કોઈ ઝટ મોક્ષ પામી જાય ને કોઈ એકાદ ભવ કરીને પછી મુક્તિ પામે, પણ મોક્ષફળ તો બંનેને સરખું આવવાનું છે.

## શ્લોક-૩૨

વાણીમાં ભગવાને કહ્યું  તેને જે સમજ્યા છે તે જ ભગવાનની વાણીની ખરી સ્તુતિ કરે છે. હે ભગવાન! આપની વાણી આત્મસ્વભાવને દેખાડનારી છે. આપની વાણીની જેને શ્રદ્ધા છે તે આ સંસાર સાગરને

ક્ષણમાત્રમાં તરી જાય છે. આપની વાણી નૌકા સમાન છે. જેમ જેની પાસે વહાણ હોય તે વહાણમાં બેસીને મોટા સમુદ્રને પણ તરી જાય છે, તેમ હે નાથ! આપની વાણી પણ જીવોને સંસારથી તરવાનો ઉપાય બતાવનારી છે. આપની વાણીમાં જેવો આત્મસ્વભાવ કહ્યો તેવા સ્વભાવને જે સમજે તે સંસાર સમુદ્રને તરી જાય છે. તારી વાણીમાં કહેલા તત્ત્વની શ્રદ્ધા વગર મનુષ્ય કોઈ રીતે સંસારને તરી શકતા નથી. જીવે અનાદિથી પોતાની મેળે વાસ્તવિક મોક્ષમાર્ગને જાણ્યો નથી, તેને તારી વાણી જ મોક્ષમાર્ગ દેખાડનારી છે. આમ કહીને આચાર્યદેવ કહે છે કે હે જીવો! આ સર્વજ્ઞ ભગવાનની વાણી જ શ્રદ્ધા કરવાયોગ્ય છે.

## ગાથા ૩૩

(ભાદરવા સુદ-૨, સોમવાર)

જેને જે વસ્તુ રુચતી હોય તે તેના ગુણ ગાયા કરે છે. તેમ જેને આત્માના સ્વભાવની રુચિ હોય તે આત્માના ગુણોની પ્રશંસા કર્યા કરે છે. ધર્મીને પોતાને ગુણ પ્રત્યેનું બહુમાન છે તેથી પૂર્ણ ગુણ પામેલા સર્વજ્ઞદેવ વગેરે પ્રત્યે બહુમાન અને ભક્તિ ઉછળ્યા વિના રહેતી નથી. ધર્મીને રાગાદિની કે બહારના સંયોગની રુચિ નથી, પણ અસંયોગી આત્માના સ્વભાવની રુચિ છે, તેથી તેવા સ્વભાવને પામેલા સર્વજ્ઞદેવ અને સંતો સિવાય બીજાનાં ગાણાં તે ગાતાં નથી. અહો! સંતોએ જે વીતરાગી સ્વભાવ પ્રગટ કર્યો તે જ મારે જોઈએ છે, એવી ભાવનાથી ગુણની ભક્તિ કરે છે.

## શ્લોક-૩૩

હે જિનેન્દ્ર! આપના વચનો અનેકાંત માર્ગને સિદ્ધ કરે છે, "જે વસ્તુ છે તે જ વસ્તુ નથી" એવો અનેકાંત માર્ગ અજ્ઞાનીઓને વિકટ છે, તે આપે સિદ્ધ કર્યો છે કે જે વસ્તુ સ્વપણે છે તે જ વસ્તુ પરપણે નથી; જે વસ્તુ વસ્તુપણે એક છે તે જ વસ્તુ ગુણ પર્યાયપણે અનેક પણ છે. હે પ્રભો! આપનો અનેકાંત માર્ગ કહે છે કે એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ ન કરી શકે. વળી એવો પણ ઉપદેશ આવે છે કે અરે જીવ! પાપના કૂવામાં પડેલો છો તેમાંથી બચવા કાંઈક દાનાદિ કર! ત્યાં રાગ ઘટાડવાનો આશય છે. તૃષ્ણા ઘટાડવા માટે દાનનો ઉપદેશ કર્યો છે; જેમ કાગડો બળેલા ઊકડીયા મળે તો કો...કો... કરીને બીજા કાગડાને ભેગા કરીને ખાય છે, એકલો ખાતો

નથી. તેમ હે જીવ! પૂર્વે તારા ગુણ દાઝીને રાગ થયો ત્યારે પુણ્ય બંધાયા ને તેના ફળમાં લક્ષ્મી વગેરે મળી. તેને જો તું એકલો ખા અને કાંઈપણ તૃષ્ણા ન ઘટાડ તો કાગડામાંથીયે તું જઈશ!! કાંઈ પૈસા લેવાદેવાની ક્રિયા આત્મા કરી શકતો નથી પણ તેવા પ્રકારે તૃષ્ણા અને મોહ ઘટાડવાની વાત છે. જ્યારે વ્યવહારની વાત ચાલતી હોય ત્યારે તેવો રાગ ઘટાડવાનો ઉપદેશ આવે અને જ્યારે પરમાર્થ સ્વભાવની વાત ચાલતી હોય ત્યારે એમ આવે કે આત્માના ચૈતન્ય સ્વભાવમાં રાગ છે જ નહિ. રાગનો એક અંશ પણ આત્મામાં નથી ને આત્મા પરનાં ગ્રહણ-ત્યાગ કરી શકતો નથી, પણ આવા પરમાર્થ સ્વભાવની જે રુચિ કરે તેવે લક્ષ્મી વગેરેની તીવ્ર મમતા રહે જ નહિ.

હે નાથ! આપે આવો અનેકાંત માર્ગ બતાવ્યો છે. હે નાથ! આપ કહો છો કે સ્વભાવમાં રાગના ગ્રહણ ત્યાગ નથી ને વળી પર્યાયમાં રાગને ઘટાડવાનો પણ આપનો ઉપદેશ છે. આમ આપનો અનેકાંત માર્ગ અજ્ઞાનીઓને અત્યંત વિકટ છે. અનેકાન્તને્ સિદ્ધ કરનારા આપના વચનો છે, તે આપની સર્વજ્ઞતા જણાવે છે. ને આપની સર્વજ્ઞતાને જે ઓળખે તેને હૃદયમાં જ્ઞાન પ્રકાશ થાય છે. જેના હૃદયમાં સર્વજ્ઞ વસે તેના હૃદયમાં રાગનો કે અલ્પજ્ઞતાનો આદર ન રહે, એટલે તેના હૃદયમાં સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થયા વિના રહે જ નહિ. માટે હે પ્રભો! આપની સર્વજ્ઞતા ભવ્ય જીવોના હૃદયમાં જ્ઞાન પ્રકાશ ફેલાવનારી છે. જેણે સર્વજ્ઞને માન્યા ને સર્વજ્ઞ થવાની તાકાત પોતાના આત્મામાં છે એમ જેણે માન્યું તેને સર્વજ્ઞતા સિવાય અલ્પજ્ઞતા કે વિકારમાં આદરબુદ્ધિ રહેતી નથી, જ્ઞાનસ્વભાવનો જ આદર રહે છે, એટલે સ્વભાવના આશ્રયે તેને સમ્યગજ્ઞાનનો પ્રકાશ પ્રગટે છે. જુઓ! આનું નામ સર્વજ્ઞની ભક્તિ.

હે નાથ! તારા સર્વજ્ઞપણાને નક્કી કરતાં મારા આત્માનો પણ એક સમયમાં જાણવાનો સ્વભાવ છે, એમ નક્કી થાય છે ને આત્મામાં જ્ઞાન પ્રકાશ થયા વિના રહેતો નથી.

## શ્લોક-૩૪

હે નાથ! ક્યાં આપનું કેવળજ્ઞાન! અને ક્યાં છદ્મસ્થનું મતિ-શ્રુતજ્ઞાન! હે નાથ! અજ્ઞાની મતિ-શ્રુતજ્ઞાન વડે તારી વાણીમાં જે સંદેહ કરે તે ઊડતા પક્ષી ગણવામાં આંધળો દેખતા સાથે હરિફાઈ કરે તેના જેવું છે. આકાશમાં

પંખી ઊડતા હોય ત્યાં દેખતો તો તેને ગણીને કહે કે આ ૧૦૮ છે. ત્યાં આંધળો વાદ કરે કે ના, ૧૦૩ છે! તેમ, હે નાથ! અલ્પબુદ્ધિવાળા જીવો તારા વચનમાં શંકા કરીને વાદ કરે તે પણ ઉપરના આંધળા જેવા છે. આચાર્યદેવ કહે છે કે અરે મૂઢ! સર્વજ્ઞને નક્કી કરીને તેની શ્રદ્ધા કર....તારી મિથ્યા કલ્પનાથી વાદ વિવાદ છોડ? ભગવાન તો સર્વજ્ઞ ચક્ષુથી વસ્તુસ્વરૂપને જોઈને કહે છે. જેણે ચૈતન્યને જોયો નથી, ચૈતન્યનો સ્વપ્ને પણ ભાસ થયો નથી, તે સર્વજ્ઞ સાથે વાદ શું કરશે? હે નાથ! તારી સાથે વાદ ન હોય, અમે તો તારા ભક્ત છીએ.

અહો! સર્વજ્ઞતા નક્કી કરવી જોઈએ. એક સમયમાં પૂરું જાણે તેવી તાકાત છે તેમાં ઓછું જાણે તેટલી કચાશ છે. હે નાથ! અમે તો સર્વજ્ઞતાની પ્રતીત કરીને અમારા સ્વભાવના આશ્રયે સર્વજ્ઞતાના સાધક છીએ, તેમાં વચ્ચે સંદેહને અવકાશ નથી. હે નાથ! તર્કથી પૂરું પડે તેમ નથી, પણ વિકલ્પ તોડીને સ્વભાવમાં ઠરશું ત્યારે સર્વજ્ઞતા પૂરી થશે.

એક સમયમાં સર્વજ્ઞતા પ્રગટવાની તાકાત પોતામાં ભરી છે, તેવી જેને પ્રતીત થાય તે રાગને પોતાનું સ્વરૂપ માને નહિ. તે સ્વભાવના આશ્રયે સાધક થયો છે. સાધક ધર્માત્મા કહે છે કે અમારી ને સર્વજ્ઞની નાત-જાત એક છે. સર્વજ્ઞની પંક્તિમાં સાથે બેસનારા અમે છીએ. જે પોતાના સર્વજ્ઞ-સ્વભાવની પ્રતીત ન કરે તે સર્વજ્ઞની પંક્તિમાં બેસી શકે તેમ નથી. હે નાથ! અમે તારી નાતમાં ભળીને તારી ભક્તિ કરીએ છીએ. અંદર સ્વભાવમાં એકાગ્ર થઈને ઠરશું ત્યારે કેવળજ્ઞાન કન્યાને વરશું. જેવા કેવળજ્ઞાનને આપ પામ્યા તેવું જ કેવળજ્ઞાન અમે પણ પામશું.

## શ્લોક-૩૫

જુઓ! સમ્યગ્જ્ઞાનપૂર્વક ભક્તિ કરે છે.

હે પ્રભો! આપના સમ્યક્નય અન્ય કુમતિઓના એકાંત નયોની સામે ત્રણ જગતમાં વિજયવંત થાય છે. હે નાથ! આપના નય તો પરસ્પર સાપેક્ષ છે. દ્રવ્યથી નિત્ય ને પર્યાયથી અનિત્ય, અભેદપણે વસ્તુ એક ને ભેદપણે ગુણપર્યાયથી અનેક, એમ બધા નયોનો આપના શાસનમાં સુમેળ છે ને અન્યમતના નયો તો પરસ્પર સંબંધ વગરના એકબીજાથી સર્વથા વિરોધી છે. તે વિરોધીઓને આપના નયો ત્રણે લોકમાં જીતી લ્યે છે. જે દુશ્મનમાં ફાટફૂટ હોય તેને સંપવાળા ઝટ જીતી લ્યે છે, તેમ અનેક

વિરોધીઓના જે નયો છે તે બધાય પરસ્પર વિરોધી ફાટફૂટવાળા છે, પણ આપના નયો તો પરસ્પર વિરુદ્ધ છે, એટલે આપના નયો વિરોધીઓના કુનયને જીતી લ્યે છે. હે નાથ! આપે કહેલું વસ્તુસ્વરૂપ જે સમજ્યો તેના સમ્યગ્જ્ઞાનમાં ત્રણ લોકમાં વિરોધ આવતો નથી, તેના જ્ઞાનમાં ભંગ પડતો નથી. હે નાથ! અનેકાંત વસ્તુસ્વરૂપ બતાવીને આપે નયોના વિરોધનો નીકાલ કરી નાખ્યો. એકાંત માનનારને ક્યાંય શાંતિ નથી ને આપે કહેલું વસ્તુસ્વરૂપ સમજ્યા તે તો નયનો વિરોધ ટાળી, સમ્યગ્જ્ઞાન કરી, આત્મામાં નિરાંતે એકાગ્ર થાય છે. આવા અનેકાંતને જે ઓળખે છે તે જ ભગવાનના ખરા ભક્ત છે ને તેના સમ્યગ્જ્ઞાનને કોઈ કુનયથી બાધા પહોંચતી નથી.

## શ્લોક-૩૬

હે નાથ! આપના ગુણોનું વર્ણન કરતાં કરતાં વાણી હારી જાય છે. જગતમાં એવો કોણ પુરુષ છે કે આપની વાણીનાં ગાણાં પૂરા ગાઈ શકે? બૃહસ્પતિ પણ આપના ગુણોને પૂરા વર્ણવી ન શકે, તો પછી આપના ગુણોને કોણ વર્ણવી શકે? હે પ્રભો! આપની સર્વજ્ઞતાનો પાર વાણીથી કે વિકલ્પથી કેમ થાય? વિકલ્પ તોડીને સ્વરૂપમાં ઠરે તો અનુભવથી જ પૂરું પડે તેમ છે, વાણીમાં કથંચિત્ ઇશારા આવે પણ પૂરું ન પડે; માટે હે નાથ! હવે મારી વાણી અને વિકલ્પનું શું કામ છે? હું તો વિકલ્પ તોડીને સ્વરૂપમાં ઠરું તો તારી સ્તુતિ પૂરી થાય, એમ આચાર્યદેવ વાણીના વિકલ્પને તોડીને સ્વરૂપમાં ઠરવાની ભાવના કરે છે. આપની સર્વજ્ઞતાનો પાર અલ્પજ્ઞ જીવો કેમ પામી શકે? ને વાણીમાં તે પૂરું ક્યાંથી આવે?

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ.

જુઓ! નાની ઉંમરમાં શ્રીમદ્ રાજચંદ્ર પોકાર કરે છે. હે નાથ! હે વિકલ્પાતીત ચૈતન્ય સ્વરૂપ! તારા ગાણાં તો સર્વજ્ઞની વાણીથી પણ પૂરાં ન કહેવાય, સર્વજ્ઞે પૂરું જાણ્યું પણ વાણીમાં પૂરું ન આવ્યું. તો અલ્પજ્ઞની વાણીથી તો તારું સ્વરૂપ શું કહી શકાય? માટે રાગ તોડીને સ્વરૂપમાં ઠરીને અનુભવ કરે તો જ સ્વભાવ અનુભવગોચર થાય તેવો છે. અહો! જ્ઞાનસ્વભાવી આત્મા પુણ્ય-પાપની લાગણી વિનાનો છે, એમ સમજીને

અંતરમાં વળીને અનુભવ કરે તો આત્માના સ્વભાવની ખબર પડે, વાણીના લક્ષે સ્વભાવ સમજાય તેવો નથી. માટે હે નાથ ! વાણીથી તારી સ્તુતિ પૂરી નહિ થઈ શકે. વાણી તો અલ્પ છે ને તારી સર્વજ્ઞતા અપાર છે, આમ કહીને આચાર્યદેવ રાગરહિત સ્વભાવના ગાણાં ગાય છે.

## શ્લોક-૩૭

ગણધર વગેરે પ્રભુ છે, તેના પણ આપ પ્રભુ છો. હે પ્રભુઓના પ્રભુ! આપે મોહરહિત રત્નત્રયમાર્ગને પ્રકાશિત કર્યો હતો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગને આપે એવો પ્રકાશિત કર્યો કે આજે પણ જીવો તે મોક્ષમાર્ગે નિઃસંદેહપણે ચાલ્યા જાય છે. આપે મોક્ષની પાકી સડક બાંધી દીધી છે, તે જ માર્ગે આજે જીવો ચાલે છે. આપના વખતમાં જે માર્ગ હતો તે જ માર્ગ આજે છે. ભગવાનના વખતમાં જુદો માર્ગ ને અત્યારે જુદો માર્ગ—એમ નથી. કાળ ફરી ગયો માટે મોક્ષમાર્ગ બદલી ગયો, એમ નથી. આજે પણ તે જ માર્ગ છે કે જે માર્ગે ભગવાન મોક્ષ પામ્યા! હે નાથ! આપે બતાવેલો મોક્ષમાર્ગ અમે પકડ્યો છે. અમે આપના માર્ગે ચાલ્યા આવીએ છીએ, અમારે માટે પણ કાંઈ બીજો માર્ગ નથી. આપે બતાવેલા મોક્ષમાર્ગે ભવ્ય જીવો આજે પણ સુખે સુખે ચાલ્યા જાય છે.

ભાદરવા સુદ-૩, મંગળવાર

## શ્લોક-૩૮

આ સર્વજ્ઞ ભગવાનની સ્તુતિ છે.

આત્માનો શક્તિ સ્વભાવ પરિપૂર્ણ છે, તેની શ્રદ્ધા અને એકાગ્રતાથી જેમને પરિપૂર્ણ જ્ઞાન આનંદ ખીલી ગયાં તે ભગવાન છે. જેમ ૬૪ પહોરી તીખાશ લીંડી પીપરના સ્વભાવમાં ભરી છે તે જ પ્રગટે છે, તે ક્યાંય બહારથી નથી આવતી, તેમ પરમાત્મ શક્તિ આત્મામાં ભરી છે તેમાંથી જ તે પ્રગટે છે. આવા આત્માનો જે વિશ્વાસ કરે તે જ પરમાત્માની ખરી ભક્તિ કરી શકે.

અહીં પદ્મનંદી મુનિરાજ ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરતાં ૩૭માં શ્લોકમાં કહે છે કે હે નાથ! અસંખ્ય વર્ષ પહેલાં જે મુક્તિમાર્ગ આપે ખુલ્લો કર્યો હતો તે જ માર્ગ આજે પણ અમે નિર્વિઘ્નપણે જઈએ છીએ. આમ કહીને આચાર્યદેવ મોક્ષમાર્ગનો કાળભેદ કાઢી નાખે છે. ચોથાકાળે માર્ગ ને

પંચમકાળે જુદો માર્ગ, એમ નથી. મોક્ષનો માર્ગ ત્રિકાળ અબાધિત એક જ છે. ચૈતન્ય સ્વભાવી આત્માની ઓળખાણ—શ્રદ્ધા અને એકાગ્રતા તે જ ત્રણેકાળે મોક્ષમાર્ગ છે. અત્યારે આ ક્ષેત્રે ભલે પૂરું ચારિત્ર ને કેવળજ્ઞાન ન હોય, પણ આવા આત્મસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન અને અંશે તેમાં એકાગ્રતારૂપ મોક્ષમાર્ગ આજે પણ સાધી શકાય છે. હે નાથ! આપે જે મોક્ષમાર્ગ બતાવ્યો હતો તે જ માર્ગને આજે અમે નિર્વિઘ્નપણે સાધી રહ્યા છીએ. આ કાળે પણ શું ચૈતન્યસ્વભાવી આત્માની પ્રતીત નથી થતી? શું આત્માની ઓળખાણ આ કાળે નથી થતી? શું આત્મામાં અંશે સ્થિરતા આ કાળે નથી થતી? આત્માના શ્રદ્ધા-જ્ઞાનને રમણતારૂપ મોક્ષમાર્ગ આ કાળે પણ અબાધિતપણે વર્તી રહ્યો છે. હે નાથ! અમે તારા માર્ગે ચાલ્યા આવીએ છીએ.

જેમ સુખડી કરવાની રીત ત્રણે કાળે એક જ છે કે ઘી, ગોળ ને લોટ એ ત્રણ વસ્તુની સુખડી બને અને તેમાં પણ ક્રમ હોય કે પહેલાં ઘીમાં લોટ શેકે ને પછી તેમાં ગોળનું પાણી નાખે, તેમ આત્માનાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે જ ત્રણે કાળે મોક્ષમાર્ગ છે ને તેમાં પણ એવો નિયમ છે કે પહેલાં આત્માના સમ્યક્ શ્રદ્ધા-ને જ્ઞાન હોય ને પછી જ સમ્યક્ચારિત્ર હોય; સમ્યક્ શ્રદ્ધા સિવાય ચારિત્ર હોય નહિ. પહેલાં સમ્યક્દર્શન વગર ચારિત્ર ને વ્રત-તપ માને તો તે એકડા વગરના મીંડા જેવા મિથ્યા છે. હે નાથ! આપે જે આત્માની મુક્તિનો માર્ગ કહ્યો તેમાં પ્રથમ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન કહ્યાં ને તે સહિતનું સમ્યક્ ચારિત્ર કહ્યું, એવા સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ આપે પ્રકાશિત કર્યો તે આજે પણ એવોને એવો અબાધિત વર્તી રહ્યો છે. હે પ્રભો! આપે બાંધેલી મોક્ષમાર્ગની સડક ઉપર અમે ચાલ્યા આવીએ છીએ. બીજો કોઈ માર્ગ મોક્ષનો છે જ નહિ.

## શ્લોક-૩૮

આચાર્યદેવને મોક્ષમાર્ગનો પ્રમોદ આવ્યો છે.

હે પ્રભો! પર્યાયબુદ્ધિ છોડાવીને સ્વભાવ તરફ લઈ જનારો આપનો મોક્ષમાર્ગ છે. આપે આવો મોક્ષમાર્ગ બતાવીને જગતને માટે મોક્ષનાં નિધાન ખોલી દીધાં છે. આત્માના સ્વભાવમાં જ અનંત મોક્ષ ખજાના ભર્યા છે. એવો ખજાનો જ્યારે આપે ખૂલ્લો કરીને બતાવ્યો કે ''અહો જીવો! તમારામાં પરમાત્માની શક્તિ ભરી છે, અનંત ગુણોની ખાણ તમારામાં ભરી છે.'' ત્યારે એવો કોણ પુરુષ હોય કે જેણે રાજ્ય વગેરેને સડેલાં તરણા

સમાન જાણીને છોડી દીધા ન હોય! જુઓ! ચૈતન્ય સ્વભાવના મહિમા પાસે જ્ઞાનીને રાજપાટ ને લક્ષ્મી તો સડેલાં તરણા સમાન લાગે છે. હે નાથ! આપે ચૈતન્યના ભંડાર બતાવ્યા...અહોહો! જ્ઞાનાનંદી ચૈતન્ય સ્વભાવ અમારામાં જ ભર્યો છે...આવો ખજાનો આપે બતાવ્યો, તો રાજપાટ છોડીને ચૈતન્યના આનંદમાં લીન કોણ ન થાય? હે નાથ! જ્યાં આપે ચૈતન્ય ખજાના ખોલી દીધા ત્યાં હવે બહારનું વલણ છોડીને, રાજને સડેલાં તરણાં સમાન ત્યાગીને અંતરના ચૈતન્યના આનંદની ખાણ ખોદવા તૈયાર ન થાય એવો કોણ હોય? અહો! જેને ચૈતન્યનો મહિમા આવે તેને લક્ષ્મી વગેરેની મમતા ટળે એમાં શું આશ્ચર્ય? ચૈતન્ય નિધાન મળે ત્યાં જડ લક્ષ્મીને સડેલાં તરણાં સમાન જાણીને કોણ ન છોડી દે! આચાર્યદેવ પોતે મુનિદશામાં છે એટલે આ ભક્તિના બહાને બીજાને પણ તેમણે ત્યાગનો ઉપદેશ કર્યો છે.

અરે જીવ! આ મનુષ્યભવ મળ્યો, ને ભગવાને તારા મોક્ષ ખજાનાને ખૂલ્લા કર્યા, તો તારા મોક્ષ ખજાનાને ખોલ; અહો! કોણ ભવ્ય જીવ એવો હોય કે પોતાના મોક્ષ ખજાનાને ન ખોલે?

## શ્લોક-૩૯

હે નાથ! જેને અનાદિથી મોહરૂપી સર્પનું ઝેર ચડ્યું છે, ને પોતાના ચૈતન્યનું ભાન ભૂલ્યા છે એવા જીવો આપે બતાવેલા અંતર્મુખ ચૈતન્યના માર્ગ સિવાય જાગૃતિ ક્યાંથી પામશે? તારા સિવાય કોઈપણ કુદેવ અને મોહી પ્રાણીઓના આશ્રયે હે નાથ! ચૈતન્યની જાગૃતિ ક્યાંથી થાય? ન જ થાય. કુદેવાદિ પાસેથી સમ્યગ્જ્ઞાન ન જ થાય. હે નાથ! આપે તો ચૈતન્ય પદાર્થની અંતરદ્રષ્ટિ કરવાનું કહ્યું છે, તે જ અનાદિના મોહનો નાશ કરનાર છે. જેને સર્પનું ઝેર ચડ્યું હોય તેને લીમડો પણ મીઠો લાગે, તેમ જેને મોહનું ઝેર ચડ્યું છે તેને કુદેવાદિના વચન પણ સારાં લાગે છે, તે સંસારમાં રખડે છે.

હે નાથ! આપે બતાવેલા માર્ગનો જેણે આશ્રય કર્યો તે જીવને જ્ઞાનપ્રકાશ ખીલીને અનાદિના મોહનું ઝેર ઊતરી જાય છે. આચાર્યદેવે આ શ્લોકમાં કુદેવ અને સર્વજ્ઞદેવને જુદા પાડી દીધાં છે અને કુદેવાદિના માર્ગને છોડવાનું કહ્યું છે.

## શ્લોક-૪૦

હે નાથ! આપે બતાવેલો નિરપેક્ષ આત્મસ્વભાવરૂપ ધર્મ જ જીવોને સંસારમાં ડૂબતા બચાવે છે, પણ આપના સિવાય કુદેવનાં વચનો તો ભીલનાં બાણ જેવા છે. જેમ ભીલનું બાણ બીજાને મારવાના કામમાં જ આવે છે તેમ કુદેવાદિના વચનો જીવને સંસારમાં રખડાવનારા છે, તેનાં વચનો ચૈતન્યને વીંધી નાખે છે.

હે નાથ! આપના વચનો જ સ્વભાવનો આશ્રય કરાવીને સ્વભાવમાં ધારી રાખે છે ને સંસારમાં પડતાં બચાવે છે, માટે આપનો ધર્મ જ શ્રેષ્ઠ છે.

જુઓ! આમ ભગવાને કહેલા ધર્મને ઓળખવો તેનું નામ ભક્તિ છે. ભગવાનનું નામ બોલી જાય તેથી કાંઈ ભગવાનની ભક્તિ થઈ જતી નથી. ઓળખાણ કરવી જોઈએ કે ભગવાને શું કહ્યું છે. ભગવાને જે અંતર્મુખ ચૈતન્યનિધાન બતાવ્યાં છે, તેની ઓળખાણ કરવી તે સાચી ભક્તિ છે.

સર્વજ્ઞે કહેલી વસ્તુસ્થિતિ સિવાય જગતમાં જેટલા ધર્મો કહેવાતા હોય તે બધાય નામમાત્રથી ધર્મ છે. તે તો સંસારમાં ડુબાડનાર છે. સંસારથી બચાવનાર તો હે નાથ! આપે બતાવેલો સ્વાશ્રિત ધર્મ જ છે. વસ્તુસ્થિતિ કહેવી તે પણ એક પ્રકારની સ્તુતિ છે. અહીં આચાર્યદેવે વસ્તુસ્થિતિ જાહેર કરીને ભગવાનની ભક્તિ કરી છે.

## શ્લોક-૪૧

હે નાથ! આપને જે પૂરું કેવળજ્ઞાન પ્રગટ્યું તે કેવળજ્ઞાન તો કદી ઘટે—વધે નહિ! પણ આપના કેશ-નખ પણ સદા એવાને એવા પરિમિત્ત જ રહે છે. હે નાથ! તારા પ્રતાપ પાસે જ્યાં કેશ અને નખ પણ ન વધે તો પછી બીજું તો કોણ આપની પાસે વધે? પ્રભો! આપના પ્રતાપને જે જાણતા નથી એવા જડ અચેતન નખ કેશ પણ આપની મર્યાદાને નથી ઓળંગતા, તો જેઓ આપના દિવ્ય પ્રતાપને ઓળખે તે આપની મર્યાદાને કેમ ઓળંગે? તે તો આપની પાસે નમ્રપણે વિનય કરનારા જ રહે છે.

ભગવાનના નખ-કેશ વધે કે ઘટે નહિ એવો સ્વભાવ છે. કેવળજ્ઞાનને લીધે તેમ નથી પણ તેનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. ભગવાનના નખ-કેશ પણ ઓછા વધતાં થયા વિના મધ્યસ્થ રહે છે, તો ભગવાનને જે જીવ ઓળખે છે તે રાગ-દ્વેષ રહિત મધ્યસ્થતા ન કરે—એમ બને નહિ.

## શ્લોક-૪૨

હે નાથ! આપના કેવળજ્ઞાનમાં તો ત્રણ કાળ ત્રણ લોક પ્રતિભાસે છે, તે કેવળજ્ઞાનનું તો શું વર્ણન થાય! પણ આપના દેહ ને નખ પણ એવો પ્રભાવાળો છે કે ઇન્દ્ર વગેરેનાં નેત્રોનાં પ્રતિબિંબ પડે છે. હે નાથ! તારા ચરણ ઉપર સર્વ જીવોની મીટ મંડાણી છે, તેમની આંખોનું પ્રતિબિંબ તારા નખમાં પડે છે. તે નીલ કમળ જેવું છે, એટલે જાણે કે નીલકમળથી તે બધાય આપના ચરણ કમળની પૂજા કરી રહ્યા હોય તેવું લાગે છે.

## શ્લોક-૪૩

તીર્થંકરના નખ પણ મહા સુંદર ચળકતાં તાંબા જેવા લાલચોળ વચમાં ઉપસેલા ને પ્રભાવાળા ચકચકિત હોય છે. આચાર્યદેવ કહે છે કે હે પ્રભો! આપના ચરણના નખમાં ઇન્દ્ર વગેરેની આંખોના પ્રતિબિંબ પડે છે તે જોતાં એવું લાગે છે કે જાણે ભમરાઓ ઊડી ઊડીને તારા ચરણકમળમાં પડતાં હોય! હે નાથ! તારા ચરણનો નખ પણ ઇન્દ્રથી પૂજાય, તો પછી તારા આત્માને ત્રણ લોક પૂજે તેમાં શું નવાઈ! અહો! જે શરીરમાં ભગવાન રહ્યા તે શરીરનો નખ પણ પૂજાય, તો આત્માનો મહિમા શું કહેવો? આમ કહીને સર્વજ્ઞતાના અને આત્માના સ્વભાવનાં વખાણ કર્યા છે.

## શ્લોક-૪૪

તીર્થંકર ભગવાન જ્યારે આકાશમાં વિહાર કરે છે ત્યારે તેમનાં ચરણ-કમળની નીચે દેવો સોનાનાં કમળની રચના કરતા જાય છે. હે નાથ! તારો સ્વભાવ તો ઊર્ધ્વ થયો. પણ તારા પગ પણ નીચે ધૂળમાં ન પડે, જ્યાં તારાં ચરણ પડે ત્યાં દેવો કમળની રચના કરે, એવી તો આપના પગની શોભા છે. ભગવાન પૃથ્વી ઉપર વિહાર ન કરે, પણ પૃથ્વી પાંચ હજાર ધનુષ્ય ઊંચે આકાશમાં જ વિહાર કરે છે. ત્યાં આકાશમાં ભગવાનના ચરણ જ્યાં પડે ત્યાં નીચે કમળની રચના દેવો કરે છે.

## શ્લોક-૪૫

હે નાથ! અજ્ઞાનીઓ જે અનાદિનાં શરીરાદિના ગાણાં ગાય છે તે તો સાંભળતાં કાનને કડવા લાગે તેવાં છે. હે નાથ! આપની સર્વજ્ઞતાના ગાણાં

જ કાનને પ્રિય લાગે છે. તારાં ગાણાં સ્વર્ગમાં દેવ-દેવીઓ પણ ગાઈ રહ્યાં છે.

હે નાથ! સ્વર્ગમાં તારાં ગાણાં ગવાય છે તે સાંભળવા માટે અહીંનું હરણીયું ચંદ્રલોકમાં ગયું છે, તો અહીંના માણસો તારાં ગાણાં ગાવા ભેગા થાય તેમાં શું આશ્ચર્ય! ઇન્દ્ર-ઇન્દ્રાણી તો તારાં ગાણાં ગાય, પણ આ મૃત્યુલોકના હરણિયાંને પણ તારાં ગાણાં સાંભળવાનું મન થયું તેથી ચંદ્રલોકમાં પહોંચી ગયું....તો મનુષ્યોને આપના ગાણાં સાંભળવા ન ગમે તેવો કોણ હોય? અહો! અમને તો આપના સ્વભાવના ગાણાં સાંભળતાં આનંદ થાય છે. અજ્ઞાનીઓને વિકથા સાંભળવાની હોંશ આવે છે. પણ આચાર્યદેવ કહે છે કે અરે જીવ! હરણિયાંને પણ ભગવાનના ગાણાં ગમ્યાં અને તને જો ભગવાનના ગાણાં સાંભળતાં ભક્તિ ન ઊછળે—સ્વભાવનો પ્રમોદ ન આવે–તો તું પશુ એવા હરણિયામાંથી પણ જઈશ!!! પોતાને અંતરમાં ભગવાનના ગાણાં ગોઠ્યાં છે તેથી ચંદ્રમાં હરણિયાને જોતાં પણ ભગવાનના ગાણાં જ યાદ આવે છે; આ અલંકાર દ્વારા આચાર્યદેવ કહે છે કે :–હે નાથ! અમે જ્યાં જ્યાં જશું ત્યાં તારાં જ ગાણાં ગાશું? દેવલોકમાં જશું તો ત્યાં પણ તારાં જ ગાણાં ગાશું.

હે નાથ! તે હરણિયું તારાં ગાણાં સાંભળવામાં એવું લીન થયું કે ત્યાં ચંદ્રલોકમાં જ ચોંટી ગયું, અહીં પાછું આવતું નથી. તેમ અમારું ચિત્ત તારાં ગાણાં ગાવામાં એવું ચોટ્યું છે કે કદી પાછું પડવાનું નથી, અમે તારા ગાણાં ગાતાં ગાતાં....ને તારા જેવા અમારા સ્વભાવમાં એકાગ્ર થતાં થતાં કેવળજ્ઞાન લઈશું.....ત્યારે સ્તુતિ પૂરી થશે.

## શ્લોક-૪૬

હે નાથ! આપના કેવળજ્ઞાનની ઓળખાણ સહિત જે ગાણાં ગાય તેના આત્મામાં કેવળજ્ઞાનરૂપી કિરણોનો કટાક્ષ આવે છે ને તેને અલ્પકાળે કેવળજ્ઞાન લક્ષ્મી પ્રાપ્ત થાય છે. હે નાથ! આપના ચરણકમળમાં જે નમસ્કાર કરે છે તેના ઉપર આપના નખનાં કિરણોનો પ્રકાશ પડે છે તે તો આપના ચરણમાં વસતી લક્ષ્મીનો કટાક્ષ છે. જે આપના ચરણકમળમાં નમ્યા તેને કેવળજ્ઞાન લક્ષ્મી અને બાહ્યમાં તીર્થંકરાદિ લક્ષ્મી ફળે છે. લોકો કહે છે કે કમળમાં લક્ષ્મીનો વાસ છે. પણ હે ભગવાન! કમળ તો અચેતન, મેળવાળું અને અલ્પકાળમાં નાશ પામી જનારું છે અને આપનું કેવળજ્ઞાન

તો સ્થિર અને નિર્મળ છે, એમ જાણીને લક્ષ્મીએ આપના ચરણકમળમાં વાસ કર્યો છે. આપના ચરણકમળની સેવા કરનારને એટલે કે અંદરમાં નિર્મળ ધ્રુવ ચિદાનંદ સ્વભાવનો આશ્રય કરનારને કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રાપ્ત થાય છે, તેથી હે નાથ! મારું મન તારા ગુણોમાં લીન થયું છે, કેવળજ્ઞાન ઉપર જ મીટ મંડાણી છે. જેને આવા ચૈતન્યસ્વભાવનો મહિમા લાગ્યો તેને બહારના કોઈ પદાર્થનો મહિમા રહેતો નથી. તે જ ભગવાનનો ભક્ત છે.

## શ્લોક-૪૭

હે જિનેન્દ્ર! જેમ ચંદ્ર તો સદા પૃથ્વીને આનંદ દેનાર જ છે, પણ જે રોગી હોય તેને ચંદ્ર પ્રત્યે તિરસ્કાર આવે છે, ત્યાં તે રોગીના રોગનો જ દોષ છે, કાંઈ ચંદ્રનો દોષ નથી. તેમ હે જિનેન્દ્ર! આપ તો સમસ્ત પૃથ્વીને આનંદના જ દેનારા છો. આપે દર્શાવેલો મોક્ષનો સ્વાશ્રિત પંથ જગતને આનંદનો જ દેનાર છે, છતાં પણ કોઈ ઊંધી દ્રષ્ટિવાળા જીવો દ્વેષથી આપની નિંદા કરે તો ત્યાં તે જીવના દ્વેષભાવનો જ દોષ છે. આપ તો નિર્દોષ છો.

હે નાથ! વીતરાગી આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા કરવાનું કહેનારી તારી વાણી તો જગતના બધા જીવોને આનંદ દેનારી છે....તારી વાણી જગતનું કલ્યાણ કરનારી છે. સ્વભાવની દ્રષ્ટિ કરાવનારી ને પરની ઉપેક્ષા કરાવનારી તારી વાણી જ લાભદાયક છે. અજ્ઞાનીને તે સારી ન લાગે તો તેમાં તારી વાણીનો દોષ નથી પણ અજ્ઞાનીની ઊંધી દ્રષ્ટિનો જ દોષ છે.

હે નાથ! અમને તો તારી વાણી આનંદ જ દેનારી છે, આમ આચાર્યદેવે ભગવાનની ભક્તિ કરી છે.